Sunday
13.09.2026
*Volume :11 * Issue No.71
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- ગુજરાતનો દરિયાકાંઠો માત્ર ભૌગોલિક સીમા નથી પરંતુ વિકાસનો માર્ગ, સામુદ્રિક વેપારનું પ્રવેશદ્વાર, સાંસ્કૃતિક વિરાસત અને લાખો લોકોની આજીવિકાનો આધાર છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરિયાકાંઠાની સંભાવનાઓને નજીકથી સમજીને તેને પોર્ટ, ટ્રેડ, ઇન્ડસ્ટ્રી, એનર્જી, ફિશરીઝ, ટુરિઝમ અને પર્યાવરણના સર્વાંગી વિકાસના ગેટવે તરીકે જોવાનું વિઝન આપ્યું છે.
- ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ સાથે સંતુલન જાળવવાની પરંપરા પ્રાચીન સમયથી છે. આપણે છોડમાં પણ રણછોડ જોવાની સંસ્કૃતિમાં માનીએ છીએ.
- ગ્રીન પોર્ટ્સ, સસ્ટેનેબલ શિપિંગ, કોસ્ટલ કનેક્ટિવિટી, સસ્ટેનેબલ ફિશરીઝ અને રિસ્પોન્સિબલ કોસ્ટલ ટુરિઝમ દ્વારા ગુજરાત વિકાસનું નવું મોડલ ઊભું કરી શકે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટીમાં 'કોસ્ટલ ઈકોલોજી, સિક્યુરિટી એન્ડ સસ્ટેનેબિલિટી' વિષયક નેશનલ કોન્ફરન્સનો સમાપન સમારોહ યોજાયો

## દરિયાઇ વિકાસ સાથે પર્યાવરણ અને સુરક્ષાનું સંતુલન જાળવી વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સજ્જ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ






કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટીમાં 'કોસ્ટલ ઈકોલોજી, સિક્યુરિટી એન્ડ સસ્ટેનેબિલિટી' વિષયક નેશનલ કોન્ફરન્સનો સમાપન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ દરિયાઈ વિકાસ સાથે પર્યાવરણ સંરક્ષણ, રાષ્ટ્રીય સુરક્ષા અને તટીય વિસ્તારોના સર્વાંગી વિકાસના મહત્વ પર ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના કાર્યમંત્રને સાકાર કરવા માટે સમાજના દરેક વર્ગ અને ક્ષેત્રના સહિયારા પ્રયાસો જરૂરી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ફરીથી 'સોને કી ચીડિયા' તરીકે વિશ્વમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરવા તરફ આગળ વધી રહ્યું છે. આ માટે નાના-નાના પરંતુ મહત્વપૂર્ણ પ્રયાસોને પણ જોડીને રાષ્ટ્રનિર્માણમાં સૌની ભાગીદારી સુનિશ્ચિત કરવી જરૂરી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતનો દરિયાકાંઠો માત્ર ભૌગોલિક સીમા નથી પરંતુ વિકાસનો માર્ગ, સામુદ્રિક વેપારનું પ્રવેશદ્વાર, સાંસ્કૃતિક વિરાસત અને લાખો લોકોની આજીવિકાનો આધાર છે. હજારો વર્ષ પહેલાં લોથલના બંદરથી ગુજરાતના વેપારીઓ વિશ્વ સાથે જોડાયા હતા. આજે મુન્દ્રા અને કંડલા જેવા બંદરો ગુજરાતને વૈશ્વિક વેપારના નકશા પર અગ્રેસર સ્થાન અપાવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરિયાકાંઠાની સંભાવનાઓને નજીકથી સમજીને તેને પોર્ટ, ટ્રેડ, ઇન્ડસ્ટ્રી, એનર્જી, ફિશરીઝ, ટુરિઝમ અને પર્યાવરણના સર્વાંગી વિકાસના ગેટવે તરીકે જોવાનું વિઝન આપ્યું છે. આ વિઝન આજે દેશમાં બ્લુ ઈકોનોમીની નીતિમાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીએ આપેલા 'વિકાસની સપ્તધારા'ના સંકલ્પમાં બ્લુ ઈકોનોમીનું મહત્વપૂર્ણ સ્થાન છે. કોસ્ટલ ભારત, સપ્તધારા અને વિકસિત ભારત-૨૦૪૭ની થીમ સાથે યોજાયેલી આ નેશનલ કોન્ફરન્સ સમયોચિત અને મહત્વપૂર્ણ છે. ગુજરાત વડાપ્રધાનશ્રીના દરેક સંકલ્પને સાકાર કરવામાં અગ્રેસર રહ્યું છે અને દરિયાઈ અર્થતંત્ર, પર્યાવરણીય સંરક્ષણ, સુરક્ષા તથા સસ્ટેનેબિલિટી માટેની નવી વ્યૂહરચનાઓમાં પણ નેતૃત્વ કરવા સજ્જ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેન્જ, દરિયાઈ જળસ્તરમાં વધારો, તટીય ધોવાણ, સમુદ્રી પ્રદૂષણ અને પ્લાસ્ટિક વેસ્ટ જેવી સમસ્યાઓ સમગ્ર વિશ્વ માટે ગંભીર પડકાર બની છે. વિકાસ એવો હોવો જોઈએ જેમાં પ્રગતિની સાથે પ્રકૃતિ, ઉદ્યોગની સાથે પર્યાવરણ સુરક્ષા અને રોજગારની સાથે દરિયાઈ જૈવવિવિધતાનું સંરક્ષણ પણ હોય. આ જ સાચી સસ્ટેનેબિલિટી છે. તેમણે કહ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ સાથે સંતુલન જાળવવાની પરંપરા પ્રાચીન સમયથી રહી છે. આપણે છોડમાં પણ રણછોડ જોવાની સંસ્કૃતિમાં માનીએ છીએ. મેન્ગ્રૂવનું વૃક્ષ દરિયાકાંઠાના ગામડાઓ માટે સુરક્ષાની દીવાલ, માછીમારોના જીવન માટે આશાનો આધાર અને અનેક જળચર જીવો માટે ઘર સમાન છે. ચક્રવાત અને વાવાઝોડા સમયે મેંગ્રોવ પ્રકૃતિની ઢાલ બનીને દરિયાકાંઠાના વિસ્તારોનું રક્ષણ કરે છે. સરકાર દ્વારા મેન્ગ્રૂવ સંરક્ષણ અને વાવેતર માટે હાથ ધરાયેલા પ્રયાસો મહત્વપૂર્ણ છે પરંતુ કુદરતનું રક્ષણ માત્ર સરકારની જવાબદારી નથી. કોસ્ટલ ઈકોલોજીનું સંરક્ષણ સરકાર અને સમાજની સામૂહિક જવાબદારી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણા સાગર ખેડૂ ભાઈ-બહેનો સમુદ્રના રક્ષક પણ છે. સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના સહિતના પ્રયાસો દ્વારા માછીમાર સમાજના જીવનધોરણને ઊંચું લાવવાની કામગીરી થઈ રહી છે. આધુનિક બોટ, ડીઝલ સબસિડી, સુરક્ષા સાધનો અને સેટેલાઈટ આધારિત નેવિગેશન જેવી સુવિધાઓથી તેમની આજીવિકા અને સુરક્ષામાં સુધારો થઈ રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે ૨૧મી સદીમાં દરિયાઈ સુરક્ષા ટેકનોલોજી આધારિત બની રહી છે. સેટેલાઈટ મોનિટરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રિમોટ સેન્સિંગ, ડ્રોન અને સ્માર્ટ બોટ જેવી ટેકનોલોજીથી દરિયાને વધુ સારી રીતે સમજવા, મોનિટર કરવા અને સુરક્ષિત બનાવવામાં મદદ મળી શકે છે. ગુજરાતે ચક્રવાત દરમિયાન ટેકનોલોજી, વહીવટી તંત્ર અને માનવીય સંવેદનાના સમન્વયથી ઝીરો કેઝ્યુઅલ્ટીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સિદ્ધિ એ સંદેશ આપે છે કે આપત્તિને રોકી શકાતી નથી પરંતુ આપત્તિ સામેની તૈયારી મજબૂત બનાવી માનવજીવનને મહત્તમ સુરક્ષિત કરી શકાય છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગ્રીન પોર્ટ્સ, સસ્ટેનેબલ શિપિંગ, કોસ્ટલ કનેક્ટિવિટી, સસ્ટેનેબલ ફિશરીઝ અને રિસ્પોન્સિબલ કોસ્ટલ ટુરિઝમ દ્વારા ગુજરાત વિકાસનું નવું મોડલ ઊભું કરી શકે છે. અર્થતંત્ર અને પર્યાવરણ એકબીજાના વિરોધી નહીં, પરંતુ પરસ્પર સહયોગી છે. આ અભિગમ વિકસિત ભારત માટે વિકસિત અને સમૃદ્ધ ગુજરાતનો આધાર બનશે. તેમણે આ કોન્ફરન્સ માત્ર પેપર પ્રેઝન્ટેશન અને ચર્ચા પૂરતી સીમિત ન રહે, પરંતુ અહીંથી પ્રાપ્ત વિચારો સરકારની નીતિઓને નવી દિશા આપે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રીના વિઝનરી નેતૃત્વમાં સૌ સાથે મળીને એવા ગુજરાતનું નિર્માણ કરીએ જ્યાં દરિયાની લહેરોમાં વિકાસની ગતિ, મેન્ગ્રૂવની હરિયાળીમાં પ્રકૃતિની સુરક્ષા, માછીમારોના ચહેરા પર સમૃદ્ધિનું સ્મિત અને દરિયાઈ સીમાઓ પર રાષ્ટ્રસુરક્ષાની અડગ દીવાલ હોય તેવો સંકલ્પ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત યુનિવર્સિટીના એલ્યુમની (ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ) માટેના ડિજિટલ પ્લેટફોર્મનું લોન્ચિંગ તેમજ ઐતિહાસિક ડિજિટલ રિપોઝિટરીનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ડૉ. જગદીશ જોષીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ સમારોહમાં આર.એસ.એસ.ના સહ ક્ષેત્ર પ્રચારક શ્રી ડૉ. ચિંતનભાઈ ઉપાધ્યાય, મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી કૌશિકભાઈ જૈન, અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, સીમા જાગરણ મંચના અખિલ ભારતીય સહ સંયોજક શ્રી નિમસિંહ રાઠોડ, ગુજરાતના સંયોજક શ્રી જીવણભાઈ આહીર, પૃથ્વી વિજ્ઞાન વિભાગના સચિવ ડૉ. શ્રીનિવાસકુમાર સહિત અગ્રણીઓ, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિક્તા

# વનબંધુ કલ્યાણ યોજના થકી છેવાડાના માનવી સુધી પહોંચ્યો વિકાસ: આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલ

## રાજ્યનું આદિજાતિ વિકાસ માટેનું બજેટ વર્ષ ૧૯૬૧માં રૂ. ૫૮ કરોડ હતું, જે વધીને આજે રૂ. ૩૫,૭૮૨ કરોડ પહોંચ્યું

કમલમ્,

ગુજરાત વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા દ્વારા રજૂ કરેલા છેલ્લા દિવસના પ્રસ્તાવ પર પોતાના વિચારો રજૂ કરતાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિક્તા છે. તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી વનબંધુ કલ્યાણ યોજના આજે વનવાસી બંધુઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આદિજાતિ બજેટ અને યોજનાકીય વિકાસ વિશે વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, વર્ષ ૧૯૬૧માં જે આદિજાતિ બજેટ માત્ર રૂ. ૫૮ કરોડ હતું તે આજે ચાલુ વર્ષે વધીને રૂ. ૩૫,૭૮૨ કરોડ થયું છે. વનબંધુ યોજનાની શરૂઆતમાં અંદાજે રૂ. ૧૫,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વ. વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રૂ. ૧ લાખ કરોડ અને હવે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં આ પેકેજ પાંચ વર્ષ માટે અંદાજે રૂ. ૨ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. આ યોજનામાં ૧૫ પ્રાથમિક ક્ષેત્રોનો સમાવેશ કરીને આદિજાતિ સમાજના સર્વાંગી વિકાસને નવી ઊંચાઈએ લઈ જવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારે ડુંગરાળ વિસ્તારોમાં હેન્ડપંપ અને વહેળાના પાણી પર નિર્ભર રહેતા વિસ્તારોમાં આજે દમણગંગા સહિતની યોજનાઓ થકી નળ દ્વારા શુદ્ધ પીવાનું પાણી ઘરે-ઘરે પહોંચાડ્યું છે. કાકરાપાર અને ઉકાઈ જળાશય આધારિત હજારો કરોડના ખર્ચે ઉદવહન સિંચાઈ યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે. આ ઉપરાંત, કપરાડા અને ધરમપુર તાલુકા માટે રૂ. ૧,૩૩૧ કરોડના ખર્ચ અંદાજે ૪૦,૧૧૭ એકર જમીનને આવરી લેતી સિંચાઈ યોજનાને મંજૂરી અપાઈ છે. જમીન અધિકાર વિશે મંત્રીશ્રીએ કહ્યું કે, નિયમ ૪૪ હેઠળ શરૂઆતમાં ૩,૩૪૪ કુટુંબોને ૨,૨૩૬ હેક્ટર જમીન આપવામાં આવી હતી, જે વિસ્તરીને આજે ૧ લાખ ૮૨ એકરથી વધુ જમીનના અધિકારો આદિવાસી પરિવારોને આપવામાં આવ્યા છે. આ ઉપરાંત અંતરિયાળ વિસ્તારોમાં એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલો, મેડિકલ-એન્જિનિયરિંગ કોલેજો, ગોવિંદ ગુરુ યુનિવર્સિટી અને ભગવાન બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ચિરંજીવી યોજના અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના અસરકારક અમલથી મહિલાઓની સફળ પ્રસુતિ સુનિશ્ચિત થઈ છે, જેનાથી માતા અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. મંત્રીશ્રીએ અંતમાં ભારપૂર્વક જણાવ્યું કે વનબંધુ કલ્યાણ યોજના થકી સરકારે માત્ર રસ્તા, શાળાઓ કે હોસ્પિટલો નથી બનાવી, પરંતુ આદિવાસી યુવાનોના સપનાઓને પાંખો આપી સમાજમાં આત્મસન્માન અને આત્મનિર્ભરતાનું વાતાવરણ નિર્માણ કર્યું છે.



---

# પંદરમી ગુજરાત વિધાનસભાનું નવમું ચોમાસું સત્ર લોકશાહી પરંપરા અનુસાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ના: પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## જનહિત અને રાજ્યના વિકાસને વેગ આપતાં કુલ ૭ મહત્વપૂર્ણ સરકારી વિધેયકો પસાર કરાયા



કમલમ્,

૧૫મી ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર એટલે કે ત્રણ દિવસીય ચોમાસું સત્ર અત્યંત શાંતિપૂર્ણ માહોલમાં અને લોકહિતના કાર્યો સાથે સફળતાપૂર્વક અને અર્થપૂર્ણ રીતે સંપન્ન થયું છે. સત્રની સફળ સમાપ્તિ બાદ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, પક્ષ-વિપક્ષના તમામ માનનીય ધારાસભ્યો તેમજ સરકારી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રવક્તા મંત્રીશ્રીએ ત્રણ દિવસીય ચોમાસું સત્ર દરમિયાન ગૃહમાં થયેલી વિવિધ કામગીરી વિગતવાર રજૂ કરતા કહ્યું હતું કે, આ સત્ર દરમિયાન સભાગૃહની કુલ ૩ બેઠકો મળી હતી. જેમાં કુલ ૧૮ કલાક અને ૩૨ મિનિટ સુધી લોકહિતની વિવિધ કામગીરી કરવામાં આવી હતી. જેમાં, કુલ બાવન (૫૨) ધારાસભ્યશ્રીઓ દ્વારા જુદી જુદી ચર્ચાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. સૌથી મહત્વપૂર્ણ બાબત એ રહી કે, માત્ર બે જ દિવસમાં રાજ્યના વિકાસ અને પ્રજાકલ્યાણ લક્ષી કુલ ૭ સરકારી વિધેયકો વિધાનસભા ગૃહ પસાર કરવામાં આવ્યા છે, જે લોકહિતના કાર્યોમાં સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વધુમાં, નિયમ-૪૪ અન્વયે જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સભાગૃહમાં નિવેદન આપવામાં આવ્યું હતું. આટલું જ નહીં, સત્રના છેલ્લા દિવસે નિયમ-૧૦૨ હેઠળ "જનજાતીય કલ્યાણ યોજના" પર ખાસ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત, નિયમ-૧૧૬ હેઠળ જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રી દ્વારા નિવેદન પણ આપવામા આવ્યું હતું. સત્ર દરમિયાન સ્વર્ગસ્થ થયેલા ૫ મહાનુભાવો પ્રત્યે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ગૃહના પ્રશ્નોત્તરી કાળમાં સભાગૃહમાં મૌખિક જવાબો માટે કુલ ૧,૩૫૬ તારાંકિત પ્રશ્નો રજૂ થયા હતા, જે પૈકી ૨૯ પ્રશ્નો પર ગૃહમાં મૌખિક ચર્ચા હાથ ધરાઈ હતી. ઉપરાંત, કુલ ૧૫૨ અતારાંકિત પ્રશ્નો મળ્યા હતા અને નિયમ-૮૭(ક) હેઠળ ૮૮ અતારાંકિત પ્રશ્નો મેજ પર મૂકવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, લોકશાહીની આ પ્રક્રિયા અને ગૃહની કામગીરી નિહાળવા માટે રાજ્યભરમાંથી કુલ ૫,૨૪૬ જેટલા પ્રેક્ષકોએ વિધાનસભાની મુલાકાત લીધી હતી. આ ત્રણ દિવસીય સત્રમાં જુદી જુદી સમિતિઓના ૫ અહેવાલો ગૃહ સમક્ષ રજૂ થયા હતા. સરકારી કંપનીઓ, બોર્ડ અને કોર્પોરેશનોના ૨૩ અહેવાલો તથા ૧ અંદાજપત્ર ગૃહના મેજ પર મૂકવામાં આવ્યું હતું. કુલ ૬૯ અધિસૂચનાઓ, ૨ વટહુકમ, ૧ બાંહેધરી પત્રક તેમજ "જલ જીવન મિશન" પર કેગનો ઓડિટ અહેવાલ પણ ગૃહના મેજ પર મૂકાયો હતો. આ ઉપરાંત, રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળેલ ૧ વિધેયક તથા રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલ ૫ વિધેયકો પણ મેજ પર મૂકવામાં આવ્યા.

---

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે પ્રિન્સ રહીમ આગા ખાન V (પાંચ)ની લોકભવન ખાતે સૌજન્ય મુલાકાત

## પ્રાકૃતિક ખેતી, જળ સંચય, વૃક્ષારોપણ, ગૌ સંવર્ધન અને સ્વચ્છતા અભિયાન સહિતના વિષયો પર સઘન વિચાર-વિમર્શ



કમલમ્,

ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કના અધ્યક્ષ પ્રિન્સ રહીમ આગા ખાન V(પાંચ) એ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન પર્યાવરણ સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી, જળ વ્યવસ્થાપન, વૃક્ષારોપણ, સંસ્કાર નિર્માણ અને નશા મુક્તિ જેવા માનવકલ્યાણના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના સતત વપરાશથી જમીનમાં એક ફૂટ નીચે પથ્થર જેવું સખત સ્તર બની ગયું છે, જેના કારણે વરસાદી પાણી જમીનમાં ઊતરવાને બદલે વહી જાય છે. આ વૈશ્વિક સમસ્યાનો ઉકેલ પ્રાકૃતિક ખેતીમાં છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ રાષ્ટ્રીય સ્તરે પ્રાકૃતિક ખેતી મિશનને પ્રોત્સાહન આપી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીથી અળસિયા જમીનમાં ૧૦ ફૂટ સુધી ઊંડા છિદ્રો બનાવી જમીનને કુદરતી રીતે ફળદ્રુપ કરે છે અને જળ સંચયની પ્રક્રિયાને વેગ આપે છે. ગ્રામીણ કલ્યાણ કાર્યક્રમોનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે તેઓ દર અઠવાડિયે ગામડાઓની મુલાકાત લઈને વૃક્ષારોપણ, સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, પ્રાકૃતિક કૃષિ, જળ બચાવ, ગૌસંવર્ધન જેવા વિષયો અંગે સ્થાનિક લોકોને પ્રેરિત કરે છે. દરેક પરિવાર એક છોડ ઉછેરે તેમજ જન્મદિવસ અને લગ્નની વર્ષગાંઠ જેવા પ્રસંગોએ વૃક્ષારોપણ કરે તે માટે તેઓ આહ્વાન કરે છે. વધુમાં, ગ્રામીણ ક્ષેત્રોમાં વધી રહેલા નશાની કુટેવથી યુવા પેઢીને બચાવવા નશા મુક્તિ અંગે પણ માર્ગદર્શન આપે છે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આગા ખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામની ટીમ સાથે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી અંગે વધુ સંકલિત રીતે કાર્ય કરવામાં આવશે તો પ્રાકૃતિક કૃષિ મિશન વધુ વેગવંતુ બનશે. બેઠક દરમિયાન પ્રિન્સ રહીમ આગા ખાન V (પાંચ) અને તેમની ટીમે ગુજરાતમાં જળ સંચય, ભાગીદારી સિંચાઈ વ્યવસ્થાપન અને પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક દ્વારા કરાતી કામગીરીની માહિતી આપી હતી. આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક ૧૯૦૫થી ગુજરાતના કચ્છ-મુન્દ્રાથી શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે કાર્યરત છે. આ તકે પ્રિન્સ રહીમ આગા ખાન V (પાંચ) એ રાજ્યપાલશ્રીના પ્રાકૃતિક ખેતી અને ગ્રામ વિકાસ માટેના પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, સમાન પ્રાથમિકતાઓ અને સમાન વિચારધારા ધરાવતા ભાગીદારો સાથે મળીને કાર્ય કરવાથી વધુ લોકો સુધી પહોંચીને વધુ અસરકારક પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને પ્રિન્સ રહીમ આગા ખાન V (પાંચ) એ પ્રાકૃતિક ખેતી, જળસુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામ્ય આજીવિકા, શિક્ષણ-કૌશલ્ય અને યુવા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં પરસ્પર અનુભવ અને નિષ્ણાતોનો લાભ લઈને ગુજરાતમાં વધુ વ્યાપક અને સંકલિત રીતે કાર્ય આગળ વધારવા માટે સકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો હતો.

---

# ગણેશોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે ગુજરાત પોલીસ સજ્જ

## રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં યોજાઈ વિડિયો કોન્ફરન્સ



**સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત, ડ્રોન અને CCTVથી રખાશે ચાંપતી નજર**

**સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારા અને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરનારા અસામાજિક તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા સૂચના**

કમલમ્,

રાજ્યમાં આગામી ગણેશોત્સવનો પાવન પર્વ શાંતિ, સલામતી અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં આજે તમામ પોલીસ કમિશનરશ્રી, રેન્જ વડાશ્રી તેમજ જિલ્લા પોલીસ વડાશ્રી સાથે એક મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ બેઠકમાં તહેવાર દરમિયાન રાજ્યભરમાં સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટેના એક્શન પ્લાનની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. ગણેશ સ્થાપનાથી લઈને વિસર્જન સુધી કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કડક પગલાં લેવા તમામ જિલ્લા તથા શહેર પોલીસ તંત્રને સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત ગણેશ સ્થાપના તેમજ વિસર્જન દરમિયાન ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પોલીસ ફોર્સ તૈનાત રાખવા તથા ભીડ નિયંત્રણ, ટ્રાફિક ડાયવર્ઝન અને રાઉન્ડ-ધ-ક્લોક પેટ્રોલિંગની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આદેશ આપવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થા સુચારુ રહે તે હેતુથી સ્થાનિક શાંતિ સમિતિઓ અને ગણેશ મંડળોના આયોજકો સાથે બેઠકો યોજી પરસ્પર સહયોગ સાધવા સૂચના આપી મુખ્ય વિસ્તારો અને સરઘસ માર્ગો પર CCTV કેમેરા તથા ડ્રોન દ્વારા સતત ચેકિંગ હાથ ધરવા પણ રાજ્યના પોલીસ વડા શ્રી દ્વારા નિર્દેશ કરવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારા અને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરનારા અસામાજિક તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવા પણ સૂચનાઓ જારી કરવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ, ટીયર ગેસ અને રાયોટ કંટ્રોલ સાધનો સાથે પોલીસ ટુકડીઓ સ્ટેન્ડબાય રહેશે. વિસર્જન રૂટ પર કોઈ અવરોધ ન સર્જાય તે માટે ફાયર બ્રિગેડ, આરોગ્ય અને અન્ય ઈમરજન્સી સેવાઓ સાથે સંકલન સાધી જાહેર જનતાની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપવામાં આવી છે. તહેવાર દરમિયાન શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસ તંત્રને સહકાર આપવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# સુશાસનના ૫ વર્ષ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં મહેસૂલી સુધારાથી રાજ્યના નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઈ



કમલમ્, ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ ૫ વર્ષ પૂર્ણ કર્યા છે. રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેકનોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે.

આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે "ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ" અને "ઈઝ ઑફ લિવિંગ"ને મજબૂતી આપે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઈ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઈ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (NA) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથો સાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ૩૪ જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

**આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મહત્વપૂર્ણ સુધારા**

આ સુધારા વિધેયકમાં ૧૯૪૭ થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ-વિનિયમિત કરવામાં આવશે. આ વિધેયકમાં ઉમેરવામાં આવેલી નવી કલમ-૫(૪)નો ઉપયોગ કરી રાજ્ય સરકાર દ્વારા તમામ લોકલ એરીયામાં એકસમાન ક્ષેત્રફળ ૧૦ ગુંઠા (૧૦૧૨ ચો.મી) નક્કી કરેલ છે. આ સુધારાથી જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે. શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણ મુક્ત થશે અને સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ મળશે

**સેવાઓમાં ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીકલ સુધારા**

મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેકનોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્ષક અને ઝડપી બની છે. ગરવી ૨.૦ પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઈન અને ફેસલેસ બનાવવામાં આવી છે. જન સેવા અને ઈ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને ક્યૂઆર કોડવાળી નકલો (VF-6, VF-7, 8A) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સીટી સરવે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઈન માધ્યમથી ઈ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે. જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગત iORA પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે.

**અત્યાધુનિક ટેક્નોલોજીથી જમીનનું મેપિંગ**

મહેસૂલ વિભાગે ISRO ની અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી રાજ્યના સમગ્ર ભૂભાગનું ઉચ્ચ રિઝોલ્યુશન ક્ષમતા સાથે મેપિંગ હાથ ધર્યું છે. આ પહેલ અંતર્ગત સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો, લીઝ પર આપેલી જમીનનો દુરુપયોગ અને મર્યાદા બહારના ખનન (Mining) જેવી પ્રવૃત્તિઓ પર સચોટ દેખરેખ રાખવામાં આવે છે. AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને મશીન લર્નિંગ ટેકનોલોજી દ્વારા કોઈપણ અનધિકૃત ફેરફાર થતાં જ 'iORA' અને 'RO Diary' પર સ્વચાલિત (Automatic) એલર્ટ જનરેટ થાય છે, જેનાથી જમીન પર ત્વરિત કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય છે.

**ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની**

જમીન સંપાદનની કામગીરીને ઝડપી બનાવવા માટે ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ કરવામાં આવ્યું છે જેના લીધે રાજ્યના જાહેર ક્ષેત્રના મહત્વના પ્રોજેક્ટ્સમાં જમીન સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે, આબુરોડ-તારંગા હિલ રેલવે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્વના પ્રોજક્ટ્સમાં સફળતાપૂર્વક જમીન સંપાદન થવાથી ખેડૂતોને ઝડપથી વળતર મળી રહ્યું છે.


**મુખ્યમંત્રીશ્રીના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન મહેસૂલ વિભાગના મહત્વના સુધારા :**

- ઈનામી કાયદા હેઠળ કબ્જા નિયમબધ્ધ કરવામાં આવ્યા. પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- અરજદારોના ફીડબેકના આધારે સેવા વિતરણમાં સુધારો કરવા માટે 'ફીડબેક સેન્ટર'ની શરૂઆત
- ખેતી હેતુ નવી અને અવિભાજ્ય શરત, પ્રતિબંધિત સત્તા પ્રકાર અથવા નિયંત્રિત સત્તા પ્રકારની તમામ જમીનો જૂની શરતની ગણવાનો અને ખેતી-બિનખેતી હેતુફેર માટે કોઈપણ પ્રકારના પ્રિમીયમની વસુલીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય
- જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર - તા. ૧/૫/૧૯૬૦ પછી તમામ જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનો ખેડૂતલક્ષી હકારાત્મક નિર્ણય
- બિનખેતીના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર વર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- પ્રવર્તમાન જંત્રી ભાવના ૧૦% પ્રિમીયમ વસુલ સાતે રિવાઈઝ બિનખેતી પરવાનગી આપવાનો નિર્ણય
- ખેડૂત ખરાઈ માટે હવે ૦૬/૦૪/૧૯૯૫ પહેલાનો રેકોર્ડ તપાસવાની જરૂર રહેશે નહીં
- ગ્રીન હાઈડ્રોજન નીતિ ૨૦૨૩: રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવાની નીતિ અમલમાં મૂકી
- બિનખેતી (NA) પ્રક્રિયામાં છૂટછાટ: રિન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેક્ટ્સ માટે ખાનગી અને સરકારી જમીનમાં 'ડીમ્ડ એન.એ.' પરવાનગીનો લાભ આપવાની જોગવાઈ
- સરકારી જમીન ફાળવણીની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા માટે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સત્તામર્યાદામાં વધારો કરાયો

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ 2047 માટે વિકસિત ગુજરાત નિર્માણની યાત્રા વધુ વેગવાન બનશે. ગુજરાતમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને "કમ્ફર્ટ ઓફ ડુઈંગ બિઝનેસ" અને મેક્ઝિમમ ગવર્નન્સ-મિનિમમ ગવર્નમેન્ટ ચરિતાર્થ થશે.

# સુશાસનના ૫ વર્ષ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બન્યું ગુજરાત

**'નમો લક્ષ્મી' યોજના હેઠળ ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ૨,૧૧૦ કરોડથી વધુની સહાય**



કમલમ્, ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા, ટેક્નોલોજી અને નવીનતા સાથે વિદ્યાર્થીઓને શિક્ષણની વધુ સારી તકો મળે તે માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શિક્ષણ ક્ષેત્રે શરૂ કરેલી પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ શાળાકીય અને ઉચ્ચ શિક્ષણ બંને ક્ષેત્રે સુવિધાઓ અને તકોનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

**'નમો લક્ષ્મી' યોજના હેઠળ ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ૨,૧૧૦ કરોડથી વધુની સહાય**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૪માં શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને શિક્ષણ ચાલુ રાખવા માટે આર્થિક સહાય આપવામાં આવી રહી છે. યોજના શરૂ થયા બાદ અત્યારસુધીમાં ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ?૨,૧૧૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. યોજનાના અમલીકરણ બાદ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ ૨૦૨૪-૨૫થી અત્યારસુધીમાં ૩.૫૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને ૨૯૦ કરોડની સહાય, જ્યારે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ ૨૦૨૩-૨૪થી અત્યારસુધીમાં ૧૭૬ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

**મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અંતર્ગત ૧૩,૩૫૩ નવા વર્ગખંડો બનાવવામાં આવ્યા**

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે. 'મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ' હેઠળ અત્યારસુધીમાં ૧૩,૩૫૩ નવા વર્ગખંડો, ૨૧,૦૦૦ નવી કમ્પ્યુટર લેબ્સ, ૧,૦૯,૦૦૦ નવા સ્માર્ટ ક્લાસરૂમ્સ અને ૫,૦૦૦ નવી STEM લેબ્સનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૪ની ભરતીમાં સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૯,૪૦૦ શિક્ષણ સહાયકો અને ૪૭૦ આચાર્યોની ભરતી કરવામાં આવી છે. સાથે જ ૨,૨૩૦ જૂના શિક્ષકોની ભરતી/બદલી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૬-૨૭માં ૨૦૦ નવી કમ્પોઝિટ, ૯૫ નવી સરકારી માધ્યમિક અને ૩ નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૬માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૨૪મી કડીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પૉલિસી' નાબૂદ કરવામાં આવી છે અને ઈઈ હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટેની આવક મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.

**ડ્રોપઆઉટ ઘટાડવાથી સર્વસમાવેશી શિક્ષણ સુધી**

વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ ૧થી ૮નો ડ્રોપઆઉટ રેટ ૩૭.૨૨ ટકા હતો, જે ૨૦૨૪-૨૫માં ઘટીને ૨.૩૫ ટકા થયો છે. સંભવિત ડ્રોપઆઉટની વહેલી ઓળખ માટે છૈં આધારિત અર્લી વોર્નિંગ સિસ્ટમ (EWS) અમલમાં મુકવામાં આવી છે. તેના દ્વારા અત્યારસુધીમાં આશરે ૧,૬૮,૦૦૦ વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શિક્ષણ પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સર્વસમાવેશી શિક્ષણ માટે રાજ્યમાં ૩૭ નવા રિસોર્સ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં થેરાપી સાધનો, ડિજિટલ પેનલ, રેમ્પ, રેલિંગ અને CwSN ટોઈલેટ જેવી સુવિધાઓ છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં યોગ અને સ્વાસ્થ્ય શિક્ષણ માટે ૧,૧૪૧ શિક્ષકોની નવી જગ્યાઓ પણ ઊભી કરવામાં આવી છે.

**ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને સ્ટાર્ટઅપ્સને વેગ**

વિદ્યાર્થીઓને પોતાના વતનની નજીક ઉચ્ચ શિક્ષણની તકો મળી રહે તે માટે છેલ્લા પાંચ વર્ષમાં બિન આદિજાતિ વિસ્તારોમાં ૨૪ અને આદિજાતિ વિસ્તારોમાં ૧૭ મળી કુલ ૪૧ નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી છે.

આ ઉપરાંત ૧૫ સરકારી કોલેજોમાં નવા પ્રવાહો શરૂ કરાયા છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૩,૯૭,૪૧૫ વિદ્યાર્થીઓને ૨,૦૬૮.૬૭ કરોડ, જ્યારે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ ૨૪,૮૦૨ વિદ્યાર્થીનીઓને ?૭૯૭.૦૧ કરોડની સહાય આપવામાં આવી છે. પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે SHODH યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૩.૫૨ કરોડની સહાય આપવામાં આવી છે. જ્યારે SSIP 2.0 હેઠળ 6,077 Proof of Conceptને ૨.૫૦ લાખ સુધીની સહાય આપવામાં આવી છે અને વિદ્યાર્થીઓના નવીન વિચારોમાંથી ૯૬૨ સ્ટાર્ટઅપ્સ સ્થાપિત થયા છે.

# સુશાસનના ૫ વર્ષ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુણવત્તાસભર અને સુલભ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત થઈ

**૨.૯૨ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ, ૧.૧૫ કરોડથી વધુ વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડનું વિતરણ**



- **PMJAY-MA હેઠળ રાજ્યના નાગરિકોને મળતી આરોગ્ય સહાય ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી**
- **૯૯.૯૭% સંસ્થાકીય ડિલિવરી દર સાથે ગુજરાતે રાષ્ટ્રીય બેન્ચમાર્ક સ્થાપિત કર્યો**

કમલમ્, ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પાંચ વર્ષોમાં જન આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત, સુલભ અને ટેક્નોલૉજી આધારિત સેવાઓના વિસ્તરણ માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે અનેક પરિવર્તનકારી પહેલો હાથ ધરી હતી. આ પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આરોગ્યસેવાઓની પહોંચ વધારવાની સાથે રોગનિવારણ, સમયસર નિદાન અને અસરકારક સારવાર પર પણ ભાર મૂક્યો છે.

**PMJAY-MA હેઠળ આરોગ્ય સુરક્ષાનું કવચ વધુ મજબૂત, વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય**

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી આરોગ્ય સહાય ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે. રાજ્યમાં અત્યારસુધીમાં ૨.૯૨ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય બન્યું છે. અત્યારસુધીમાં ૧.૧૫ કરોડ ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

**૯૯.૯૭% સંસ્થાકીય ડિલિવરી દર સાથે ગુજરાતે રાષ્ટ્રીય બેન્ચમાર્ક સ્થાપિત કર્યો**

નમોશ્રી યોજના હેઠળ અત્યારસુધીમાં ૮ લાખથી વધુ મહિલાઓને કુલ ૫૪૦ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે. માતૃત્વ અને બાળ આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર કામગીરી કરી છે. રાજ્યમાં ૯૯.૯૭% સંસ્થાકીય ડિલિવરી દર નોંધાયો છે, જેના પગલે ગુજરાતે રાષ્ટ્રીય બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

**ગુજરાતમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ**

"વર્લ્ડ ઓબેસિટી ડે"ના દિવસે ગુજરાતમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૩૧,૦૨૧ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે ૫,૭૬,૩૪૪ પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. મિશન ઈન્દ્રધનુષના અત્યારસુધીના તમામ તબક્કાઓ હેઠળ રાજ્યમાં ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભા મહિલાઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.


**આધુનિક અને ટેક્નોલૉજી આધારિત આરોગ્યસેવાઓ સુનિશ્ચિત કરવામાં આવી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMS નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, જેના પગલે રાજ્યમાં ઉચ્ચસ્તરીય આરોગ્યસેવાઓની સુવિધામાં વધારો થયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં દેશના પ્રથમ ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતના નાગરિકોને આરોગ્યલક્ષી સેવા-સુવિધાઓનું એકજ છત્ર હેઠળ મોનિટરિંગ અને સમીક્ષા મળી રહે તે માટે 'આરોગ્યસમીક્ષા કેન્દ્ર'નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઈમરજન્સી આરોગ્યસેવાને વધુ સક્ષમ બનાવવા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ હેઠળ ૬૧૭ નવી તેમજ હોસ્પિટલો ખાતેની એમ્બ્યુલન્સને સંકલિત કરવામાં આવી છે, જેના પગલે રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સની કુલ સંખ્યા ૧,૪૫૫ થઈ છે.

**ટ્રાઈબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય**

આદિજાતિ વિસ્તારના નાગરિકોના આરોગ્ય માટે ટ્રાઈબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પહેલથી આદિજાતિ વિસ્તારોમાં આરોગ્ય સંબંધિત સંશોધન અને રોગોના સમયસર નિદાનને પ્રોત્સાહન મળશે.

# મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્ર પટેલના પાંચ વર્ષ પૂર્ણ, છેવાડાના માનવી સુધી પહોંચ્યો વણથંભ્યો વિકાસ



કમલમ્, ગાંધીનગર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થયા છે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ પ્રાપ્ત કરીને નાગરિકોની સુખાકારીમાં વધારો કર્યો છે. રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું ૪.૦૮ લાખ કરોડનું બજેટ, સેમિકન્ડક્ટર અને રિન્યુએબલ એનર્જી જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં સક્રિય ભાગીદારી, આધુનિક શહેરી અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે વહીવટી સુધારાઓએ ગુજરાતની વિકાસયાત્રાને નવી દિશા આપી છે. આ પાંચ વર્ષની સફર માત્ર આંકડાકીય સિદ્ધિઓ પૂરતી સીમિત નથી, પરંતુ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટેનો રોડમેપ બની છે.

**૧૯ નીતિઓથી ભવિષ્યના ક્ષેત્રો માટે મજબૂત પાયાનું નિર્માણ**

રાજ્યના વિકાસને નવી ગતિ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૯ મહત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે. સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રોનિક્સ, સ્પેસટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ, ડેટા સેન્ટર્સ, શિપબિલ્ડિંગ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપતી નીતિઓના કારણે ગુજરાતે ઉભરતા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરી છે.

**પ્રાદેશિક વિકાસને વેગ: VGRC માં ૧૭.૪ લાખ કરોડના Mo**

વૈશ્વિક રોકાણ અને ઔદ્યોગિક વિકાસને રાજ્યના વિવિધ ક્ષેત્રો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી ચાર વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિઝનું આયોજન કરવામાં આવ્યું. આ ચાર પરિષદોમાં કુલ ૧૭.૪ લાખ કરોડના રોકાણ માટે MoU થયા છે. પ્રાદેશિક સ્તરે રોકાણ અને રોજગારીની તકો વધારવા માટે ગુજરાતે કરેલી આ પહેલના પરિણામે રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસને વધુ મજબૂતી આપી છે.

**સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતની મોટી સિદ્ધિ: ૬ પ્લાન્ટ મંજૂર, ૩ કાર્યરત**

સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતે દેશના અગ્રણી રાજ્ય તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી છે. રાજ્યમાં કુલ ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સને મંજૂરી મળી છે, જેમાંથી ત્રણ પ્લાન્ટ વ્યવસાયિક ધોરણે કાર્યરત થઈ ચૂક્યા છે. સેમિકન્ડક્ટરથી લઈને છૈં અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ સુધીના ક્ષેત્રોમાં ગુજરાત ભવિષ્યની ટેક્નોલોજી આધારિત અર્થવ્યવસ્થા માટે પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે.

**UCC થી વહીવટી સુધારા સુધી: ગુજરાતમાં સુશાસન બન્યું મજબૂત**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) બિલ પસાર કરવામાં આવ્યું છે, જે સમાનતા, ન્યાય અને એકતાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. સાથે જ નાગરિક સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા અનેક વહીવટી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. 'સુગમ ડિજિટલ ગુજરાત'ના માધ્યમથી સરકારી સેવાઓને પેપરલેસ, કેશલેસ અને ફેસલેસ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે.

**GRIT અને GARC થી ગવર્નન્સ ૨.૦ તરફ ગુજરાતની આગેકૂચ**

નીતિ આયોગની પેટર્ન પર 'ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન' (GRIT) ની રચના કરવામાં આવી છે. વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC) ની પણ રચના કરવામાં આવી છે. આ વિકાસલક્ષી અને વિઝનરી પહેલો દ્વારા ડેટા આધારિત નીતિ નિર્માણ, કાર્યક્ષમ વહીવટ અને પરિણામલક્ષી શાસનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ થયા છે.

**'વિકસિત ગુજરાત @2047' નો ગુજરાતનો રોડમેપ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047'ના વિઝનને અનુરૂપ 'વિકસિત ગુજરાત @2047' નો રોડમેપ તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. લાંબા ગાળાના આ વિઝન દ્વારા ગુજરાતને આર્થિક રીતે સક્ષમ, ટેક્નોલોજીથી સજ્જ અને સર્વસમાવેશી વિકાસ સાથેના એક મજબૂત રાજ્ય તરીકે વિકસાવવાની દિશા નક્કી કરવામાં આવી છે.

**શહેરી વિકાસને પ્રાથમિકતા: વર્ષ ૨૦૨૫ની 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવણી**

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શહેરી વિકાસના વિઝનને આગળ લઈ જતા વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યના શહેરોને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા આધુનિક અને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે. શહેરી પરિવહન, સુવિધાઓ અને નાગરિક સેવાઓમાં સુધારા સાથે શહેરોમાં 'ઈઝ ઑફ લિવિંગ' વધારવાની દિશામાં કામગીરી કરવામાં આવી છે.

**યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ**

યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે અનેક કલ્યાણલકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યની દીકરીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે 'નમો લક્ષ્મી યોજના' શરૂ કરવામાં આવી છે. ધોરણ ૧૧-૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અમલમાં છે. પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન ઉપરાંત પોષણયુક્ત અલ્પાહાર મળે તે માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' અને સગર્ભા માતાઓના આરોગ્ય તથા પોષણ માટે 'નમો શ્રી યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

**મહેસૂલી સુધારાથી નાગરિક સેવાઓ બની ઝડપી**

નાગરિકોને સરકારી પ્રક્રિયાઓમાં સરળતા મળે અને સેવાઓ વધુ ઝડપી બને તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મહત્વપૂર્ણ મહેસૂલી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. ટેક્નોલોજીના ઉપયોગ અને પ્રક્રિયાઓને સરળ બનાવીને નાગરિક કેન્દ્રિત વહીવટને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે.

**આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોની સફળ યજમાનીથી વૈશ્વિક મંચ પર ગુજરાતની પ્રતિષ્ઠા વધી**

ગુજરાતે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૮૨૦ બેઠકો, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને RE-Invest 2024 જેવા મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોનું સફળ આયોજન કર્યું છે. આ કાર્યક્રમોએ ગુજરાતની વૈશ્વિક રોકાણ, વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે વધતી ભૂમિકાને વધુ મજબૂત બનાવી છે. હવે વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે પણ ગુજરાત તૈયાર છે.

**રિન્યુએબલ એનર્જીથી છૈં સુધી: ભવિષ્યના ક્ષેત્રોમાં અગ્રેસર બની રહ્યું છે ગુજરાત**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં અગ્રેસર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ઉદ્યોગ, રોકાણ, ટેક્નોલોજી, શિક્ષણ, આરોગ્ય, શહેરી વિકાસ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં થયેલા વિકાસને કારણે ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં સર્વાંગી વિકાસનો નવો અધ્યાય લખ્યો છે.

- ★ **વિકાસના પાંચ સ્તંભ પર આધારિત ૪.૦૮ લાખ કરોડનું રાજ્યના ઇતિહાસનું સૌથી મોટું બજેટ**
- ★ **પ્રાદેશિક આકાંક્ષાઓ અને વૈશ્વિક મહત્વાકાંક્ષાઓની થીમ પર ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું સફળ આયોજન**
- ★ **"સમાનતા, ન્યાય અને એકતા" ના સંકલ્પને મજબૂત બનાવતું સમાન નાગરિક સંહિતા (UCC) બિલ ગુજરાતમાં પસાર**
- ★ **ગુજરાત બન્યું વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું હબ, વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે તૈયાર**
- ★ **મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાત સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી અને આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહ્યું છે**

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028